ફૂલછાબ

# વ્યાપારભૂમિ

તા. ૯-૫-૨૦૨૨, સોમવાર



# લાઈમ લાઈટમાં !

## લીંબુની ખેતી અને તેજીનું ગણિત

પેજ 5

## અધર્મ થોડો વખત લાભકારક દેખાય છે



પેજ 4

## નાદાર કંપનીઓમાં રોકાણ કરવાની લાલચમાં ફસાવા જેવું નથી




પેજ 3

વ્યાપારભૂમિ
ફૂલછાબ

# સુપ્રીમ કોર્ટનો કરદાતાઓને મોટો ઝટકો !

## સુપ્રીમ કોર્ટના આ આદેશથી ૯૦,૦૦૦ કરદાતા થશે પ્રભાવિત : કરચોરીની સંભાવના ધ્યાને લઈ સર્વોચ્ચ ન્યાયાલય દ્વારા ''પ્રેક્ટિકલ'' નિર્ણય



**કર સમીક્ષા**
ભવ્ય ડી. પોપટ
(ટેક્સ એડવોકેટ)
adv.bhavyapopat@gmail.com



**મા**નનીય સુપ્રીમ કોર્ટ દ્વારા ૦૪ મે ૨૦૨૨ ના રોજ એક મહત્ત્વનો ચૂકાદો આપી, દેશભરના ૯૦,૦૦૦ જેટલા કરદાતાઓને આપવામાં આવેલ ઇન્કમટેક્સની નોટિસ અમાન્ય ઠરાવતા બચાવી લેવાઈ છે. ૯૦૦૦ જેટલા કરદાતાઓએ વિવિધ હાઇકોર્ટના દ્વાર ખખડાવ્યા હતા. ઉલ્લેખનીય છે કે ૦૧ એપ્રિલ ૨૦૨૧ થી ઇન્કમટેક્સ હેઠળ ફેર આકારણી કરવાની સમયમર્યાદા તથા પદ્ધતિમાં આમૂલ પરિવર્તન આવ્યું છે. આ નવી પદ્ધતિ મુજબ ઇન્કમ ટેક્સ અધિકારી દ્વારા આપવામાં આવેલી નોટિસ યોગ્ય નથી તે અંગે અનેક રિટ પિટિશન વિવિધ હાઇકોર્ટમાં કરદાતાઓ દ્વારા કરવામાં આવી હતી. માનનીય અલ્હાબાદ હાઇકોર્ટ, ગુજરાત હાઇકોર્ટ, મુંબઈ હાઇકોર્ટ, દિલ્હી હાઇકોર્ટ, કલકત્તા હાઇકોર્ટ, મદ્રાસ હાઇકોર્ટ દ્વારા કરદાતાની તરફેણમાં આદેશ પસાર કરવામાં આવેલા હતા. આ આદેશમાં એવું ઠરાવવામાં આવ્યું હતું કે નવી પદ્ધતિ મુજબ ૦૧ એપ્રિલ ૨૦૨૧ અને ત્યારબાદ નવી જોગવાઇઓનું પાલન આ નોટિસોમાં કરવામાં ના આવેલ હોય, આ નોટિસો યોગ્ય ગણી શકાય નહીં. કોઈ પરિપત્ર કે સર્ક્યુલર કાયદાની મૂળભૂત જોગવાઈથી ઉપરવટ જઇ શકે નહીં. આ કારણે "Covid 19" ના કારણે જૂની પદ્ધતિ મુજબ અધિકારી દ્વારા નોટિસ આપવાનો પરિપત્ર યોગ્ય નથી તેમ ઠરાવવામાં આવ્યું હતું. આ સામે અલ્હાબાદ હાઇકોર્ટના ચૂકાદાને ઇન્કમ ટેક્સ ડિપાર્ટમેંટ દ્વારા માનનીય સર્વોચ્ચ અદાલતમાં પડકારવામાં આવી હતી. સુપ્રીમ કોર્ટના જસ્ટિસ MRShah તથા જસ્ટિસ B. V. Nagarathana દ્વારા આ અપીલ ઉપર ચૂકાદો આપવામાં આવ્યો છે. આ અપીલ સાથે સુપ્રીમ કોર્ટ દ્વારા આ વિષય ઉપર વિવિધ હાઇકોર્ટના ચુકાદાને પણ સાથે સાંકળી લેવામાં આવ્યો છે.

### સુપ્રીમ કોર્ટના આદેશના મહત્ત્વના મુદ્દા

- વિવિધ હાઇકોર્ટ દ્વારા આ નોટિસના મુદ્દે લગભગ એક સમાન આદેશ કરવામાં આવ્યો છે.
- હાઇકોર્ટ દ્વારા ઇન્કમટેક્સ ડિપાર્ટમેંટની નોટિસ કાયદા બહારની ગણી આ નોટિસોને અવૈધ ઠરાવવામાં આવી છે.
- સુપ્રીમ કોર્ટ સામે હાલ અલહાબાદ હાઇકોર્ટના ચૂકાદા બાબતે જ અપીલ થયેલી છે પરંતુ વિદ્વાન એડિશનલ સોલિસિટર જનરલ એન. વેંકટરમણ દ્વારા જણાવવામાં આવ્યું છે કે સરકાર દ્વારા અન્ય હાઇકોર્ટના આદેશને પણ પડકારવાની તૈયારીઓ કરી રહ્યા છે.
- સુપ્રીમ કોર્ટ દ્વારા આ આદેશમાં સ્પષ્ટ ઉલ્લેખ કરવામાં આવ્યો છે કે તેઓનો આ આદેશ આ વિષય ઉપરની તમામ રિટ પિટિશનને લાગુ પડશે.
- ઇન્કમ ટેક્સ ડિપાર્ટમેંટ (રેવન્યુ) દ્વારા ૯૦૦૦ જેવી રિટ પિટિશન સામે અલગ અલગ અપીલ ફાઇલ કરવાની જરૂર નથી. આમ, "Old V/s New" ના મુદ્દા ઉપર કોઈ પણ હાઇકોર્ટમાં થયેલ રિટ પિટિશનમાં કરદાતાની જીત થઈ હોય અને રેવન્યુ દ્વારા જે તે આદેશને પડકારવામાં નહીં આવે તો પણ સર્વોચ્ચ ન્યાયાલયનો આ આદેશ તમામ નોટિસો ઉપર લાગુ પડશે.
- સુપ્રીમ કોર્ટ દ્વારા આ આદેશમાં ''ફાઇનાન્સ બિલ ૨૦૨૧'' દ્વારા સુધારવામાં આવેલ ફેર આકારણીની જોગવાઈનો ખૂબ બારીકાઈથી અર્થઘટન કરવામાં આવ્યું છે.
- આ ઉપરાંત સુપ્રીમ કોર્ટ દ્વારા ''રીલક્સેશન એક્ટ ૨૦૦૦'' ની કલમ ૩ નો પણ બારીકાઈથી અભ્યાસ કરવામાં આવ્યો હતો. આ કાયદા હેઠળ જૂની પદ્ધતિ મુજબ કરદાતાની ફેર આકારણી માટેની નોટિસ ઇસસ્યું કરવાની તારીખમાં ૩૦ જૂન ૨૦૨૧ સુધીનો વધારો કરવામાં આવ્યો હતો.
- ૦૧ એપ્રિલ ૨૦૨૧ થી ફેર આકારણી અંગેની નવી જોગવાઇઓ લાગુ થઈ ગઈ હોવા છતાં ''રિલેક્સેશન એક્ટ ૨૦૨૦'' ની કલમ ૩ હેઠળ બહાર પાડવામાં આવેલ નોટિફિકેશન મુજબ અંદાજે ૯૦૦૦૦ (નેવું હજાર) જેવી નોટિસો ઇન્કમ ટેક્સ ડિપાર્ટમેંટ દ્વારા કરદાતાઓને જૂની પદ્ધતિ મુજબ ૦૧ એપ્રિલથી ૩૦ જૂન ૨૦૨૧ વચ્ચે પાઠવવામાં આવી હતી. આ પૈકી ૯૦૦૦ જેવી નોટિસો હાઇકોર્ટમાં પડકારવામાં આવી હતી. આ તમામ નોટિસોમાં મહદ્અંશે વિવિધ હાઇકોર્ટ દ્વારા કરદાતાની તરફેણમાં આદેશ કરવામાં આવ્યો છે.
- જૂની ફેર આકારણી દરમ્યાન થતાં ''લીટીગેશન'' ને નિવારવા અને આ પદ્ધતિમાં સરળતા આવે તે હેતુથી ફેર આકારણીની જોગવાઈ ૦૧ એપ્રિલ ૨૦૨૧ થી દાખલ કરવામાં આવી છે.
- કર સંચાલન સરળ તથા વધુ જવાબદાર બનાવવા આ મહત્ત્વનો ફેરફાર લાવવામાં આવ્યો છે તેવું કહી શકાય.
- અગાઉ ફેર આકારણીની નોટિસ બજાવ્યા બાદ કરદાતાને ફેર આકારણીની જાણ કરવામાં આવતી હતી. જ્યારે આ નવી પદ્ધતિમાં કરદાતાને ફેર આકારણી નોટિસ આપ્યા પહેલા અધિકારીએ યોગ્ય તપાસ કરી કરદાતાને પોતાનો પક્ષ રજૂ કરવાની તક આપવાની રહે છે.
- આ સમગ્ર નવી ફેર આકારણી પ્રક્રિયાનો હેતુ કરદાતાને રાહત આપવાનો હોય વિવિધ હાઇકોર્ટ દ્વારા આ બાબતે લોક ઉપયોગિતાને અને સુધારાના હેતુને ધ્યાને રાખી કરદાતાની તરફેણમાં આદેશ કરવામાં આવ્યા હતા. હાઇકોર્ટના આ આદેશ સાથે અમો (સુપ્રીમ કોર્ટ) સંપૂર્ણપણે સહમત છીએ.
- પરંતુ અમુક કિસ્સાઓમાં સરકારી તિજોરીને મોટું નુક્સાન જવાની સંભાવના રહેલી છે જેનાથી આ ટેકનિકલ ક્ષતિના કારણે આ ફેર આકારણીની જોગવાઈનો હેતુ જ માર્યો જવાની સંભાવના છે.
- ઇન્કમ ટેક્સ ડિપાર્ટમેંટના અધિકારીઓ, જે તે રિલેક્શેશન નોટિફિકેશન અમલમાં હોવાથી એ માન્યતા ધરાવતા હોય તે સામાન્ય છે કે તેઓ વધારેલી સમય મર્યાદા દરમ્યાન તેઓ જૂની પદ્ધતિ મુજબ નોટિસ ઇસસ્યું કરી શકે છે.
- હાઇકોર્ટ દ્વારા આ બાબત સમજી અધિકારીઓને નવી પદ્ધતિ મુજબ અનુસરી ફેરફાર કરવા આદેશ કરવાની જરૂર હતી.
- સુપ્રીમ કોર્ટ હાઇકોર્ટના આ આદેશોમાં નીચે મુજબનો સુધારો કરી રહી છે:
- કરદાતાઓને ૦૧.૦૪.૨૦૨૧ બાદ આપવામાં આવેલ કલમ ૧૪૮ હેઠળની નોટિસ એ 148A હેઠળ આપવામાં આવેલ નોટિસ માની લેવામાં આવશે.
- અધિકારી દ્વારા સુપ્રીમ કોર્ટના આ આદેશના ૩૦ દિવસની અંદર ફેર આકારણી અંગે તેઓ પાસેની વિગતો કરદાતાને આપવાની રહેશે.
- અધિકારીએ તપાસ કરવાની જોગવાઈ આ એક વખત પૂરતી જતી કરવામાં આવશે.
- કરદાતાએ તેઓને મળેલ નોટિસનો બે અઠવાડીયામાં જવાબ આપવાનો રહેશે.
- કરદાતા પાસેથી મળેલી માહિતી પરથી આકારણી અધિકારી દ્વારા ઇન્કમ ટેક્સ કાયદાની સુધારેલી કલમ 148A(d) હેઠળ આદેશ કરવાનો રહેશે.
- આ સિવાય કરદાતા પાસે સમયમર્યાદા અંગેનો બચાવ તથા આકારણી અધિકારીઑના અન્ય હક્ક અબાધિત રહેશે.
- વિવિધ હાઇકોર્ટ સમક્ષ કરવામાં આવેલ રીટ પિટિશનના કરદાતા તરફેણના આદેશમાં આ સુધારો થયેલ ગણાશે, પછી ભલે જે તે કેસ સામે ડિપાર્ટમેંટ દ્વારા સુપ્રીમ કોર્ટમાં અપીલ કરવામાં આવેલ ના હોય.
- આ આદેશ પસાર કરવા સમયે એ બાબત પણ નોંધવી જોઈએ કે સરકાર વતી ઉપસ્થિત એડિશનલ સોલિસિટર જનરલ (ASG-સરકારી વકીલ) તથા કરદાતા વતી ઉપસ્થિત સિનિયર વકીલો આ બાબતે સહમત છે.
- આ આદેશ સુપ્રીમ કોર્ટ દ્વારા આર્ટીકલ ૧૪૨ ની સત્તા વાપરીને કરવામાં આવેલ છે અને સમગ્ર દેશની તમામ હાઇકોર્ટના આદેશને ઉપરવટ ગણાશે અને સમગ્ર ભારતમાં લાગુ ગણાશે.

સુપ્રીમ કોર્ટના આ આદેશથી જેટલા કરદાતાઓ કે જેઓએ વિવિધ હાઇકોર્ટમાં રિટ ફાઇલ કરી તેમાં સફળતા મેળવી હતી તે હવે ઉપયોગી બનશે નહીં. અધિકારી દ્વારા ફરી આપવામાં આવતી નોટિસનો યોગ્ય વિગતો સાથે કરદાતા દ્વારા સમયસર પ્રતિઉત્તર આપવામાં આવે તે ખૂબ જરૂરી છે. અધિકારીઓ દ્વારા પણ ''બ્લેનકેટ રીઓપનિંગ'' કરી કરદાતાઓને પરેશાન ના કરતાં કરદાતાઓની વિગતો ધ્યાને લઈ વિગતવાર આદેશ પસાર કરવામાં આવે તે જરૂરી છે.

# નાદાર કંપનીઓમાં રોકાણ કરવાની નાદાની કરવા જેવી નથી

કોઈ કંપની સામે નાદારીની પ્રક્રિયા આદરવામાં આવે તો સામાન્ય રીતે ઇક્વીટી શેરહોલ્ડરો માટે એ ખરાબ સમાચાર મનાય. આ પ્રક્રિયામાં બેન્કરો ત્યારે જ સમાધાન કરે જયારે કંપનીની ઇક્વીટી મૂડી માંડી વાળવામાં આવે. અલબત્ત બેન્કોએ પણ આમાં થોડાઘણા પૈસા ખોવા તો પડે, પણ એ ખોટ બેંકો ત્યારે જ સ્વીકારે જયારે ઇક્વીટી શેરમૂડી સાવ નબળી થઇ જાય અથવા શૂન્ય બની જાય. એટલે આવા કિસ્સામાં શેરહોલ્ડરો માટે કશું બચે નહિ. એટલે જે કંપની નાદારીની પ્રક્રિયામાં જાય તેના શેરમાં કોઈ હાથ ન નાખે એ સમજી શકાય. પણ આપણા ઘણા રોકાણકારો આ વાત હજુ પૂરેપૂરી સમજતા અથવા સ્વીકારતા નથી.

તાજેતરના એક સમાચાર અનુસાર નાદારીની કાર્યવાહીનો સામનો કરી રહેલી ૭૫ કંપનીઓમાં રોકાણકારોએ ઓછામાં ઓછા રૂ. ૨૨૯૬ કરોડનું રોકાણ કર્યું છે. મધ્યવર્તી કંપનીમાં આશરે ૧૬૦૦૦ રોકાણકારો છે. કંપનીઓની કુલ મૂડીમાં એમનો હિસ્સો ૨૦ ટકા જેટલો છે. મોટા ધનિક રોકાણકારો કરતાં નાના છૂટક રોકાણકારોનું પ્રમાણ વધારે છે.

આવા રોકાણકારોને ચેતવવા માટે સ્ટોક એક્સચેન્જના સત્તાવાળાઓએ અગાઉ અનેકવાર ખાસ ચેતવણી (સ્પેશ્યલ એલર્ટ) બહાર પાડી છે કે તમે જે શેર ખરીદો છો તે કંપની સામે નાદારી કાર્યવાહી ચાલી રહી છે. આવી ચેતવણીઓને અવગણીને લોકો પૈસા નાખે છે.

નાદારીની પ્રક્રિયા તો વર્ષોથી ચાલે છે, પછી ભલે તેમાં સમયાનુસાર ફેરફાર થતા રહે. પ્રમોટરો દેવામાં ફસાયેલી કંપનીઓના ધિરાણનું પુનર્ગઠન માગે છે જેમાં બેન્કોએ પૈસા ગુમાવવાના રહે. તેમાં પ્રમોટરોનું હોલ્ડિંગ ઓછું થતું નથી કે નથી કંપની પર તેમનો અંકુશ ઓછો થતો. નાદારીના આ મૂળભૂત સિદ્ધાંતને રોકાણકારો હજુ સમજી શક્યા નથી.

તાજેતરમાં આવા કેટલાક પ્રસંગો બન્યા છે જે જાણીએ અને એ વિષે વિચારીએ તો આ વાતની યથાર્તતાનો ખ્યાલ આવે. સિન્ટેક્સ ઇન્ડસ્ટ્રીઝ નામની એક કંપની એક સમયે રોકાણકારોની પ્રિય કંપની હતી. તેના શેરોમાં રોજ મોટાપાયે લેવેચ થતી. પણ પછી એવો સમય આવ્યો કે બેંકોનું ધિરાણ પાછું વાળવા તે અસમર્થ બની અને બેંકો તેને નાદારીની અદાલતમાં ઘસડી ગઈ. આ દરમિયાન તેના ઇક્વીટી શેરમાં શું થયું એ વાત ઘણી રસપ્રદ છે અને રોકાણકારોની અપરિપક્વતા દેખાડે છે. એપ્રિલ ૨૦૨૧ની શરૂઆતમાં કંપનીના શેરનો ભાવ રૂ. ૩.૨૩ હતો જે વધીને જાન્યુઆરી ૨૦૨૨માં રૂ. ૧૭.૦૫ થયો. એ દરમિયાન એવા સમાચાર આવેલા કે રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝ આ કંપની ખરીદવા માંગે છે અને વાતચીત ચાલી રહી છે. માર્ચ ૨૦૨૨માં બેંકરોએ આ કંપની રિલાયન્સને વેચવાનો વિધિવત નિર્ણય લીધો. બીજા દિવસે રિઝોલ્યુશન પ્રોફેશનલ (આરપી) પિનાકીન શાહે એક્સચેન્જોને લખીને જણાવ્યું કે સમજૂતી મુજબ સિન્ટેક્સ કંપનીની શેર મૂડી શૂન્ય કરી નાખવામાં આવશે અને કંપનીને એક્સચેન્જોમાંથી ડિલિસ્ટ કરવામાં આવશે. બેન્કરો અને રિલાયન્સ વચ્ચે આવી સમજૂતી થઇ હતી.

આ વાત બહાર આવતા જ સિંટેક્સના ઇક્વીટી શેરહોલ્ડરોમાં ફફડાટ વ્યાપી ગયો. કેટલાકે આરપીને કહ્યું કે આ ખોટું કદમ છે અને શેરહોલ્ડરોને અન્યાય કરનારૂં છે. બીજા રોકાણકારો શેર વેચવાની કોઈક રીતની શોધમાં લાગ્યા. કેટલાકે નાદારીની અદાલતમાં આ સામે વાંધો નોંધાવ્યો. અલબત્ત તેમને કશું મળ્યું નહિ.

જે કંપનીઓ નાદારી તરફ જઈ રહી હોય તેના શેરમાં રોકાણ કરવાની પ્રેરણા લોકોને કેમ થતી હશે ? દેખીતું છે કે કંપની ડૂબી રહી છે, તેમ છતાં તેમાં રોકાણ કરવું અને નફાની આશા રાખવી એ કેમ બને ?




કોઈક નિષ્ણાતને આ વાત પૂછશો તો એ કહેશે કે રોકાણકારોને આવી કંપનીમાં રોકાણ કરવાની સલાહ કોઈ આપતું નથી, પણ લોકો લોભના માર્યા આવું કરીને મોટું જોખમ વહોરી લે છે અને અંતે હાથ બાળે છે. બે રૂપિયાનો શેર ખરીદવાનું બધા રોકાણકારોને પરવડે, અને જો એવી અપેક્ષા હોય કે ભાવ વધીને રૂ ૨૦ થઇ જશે તો તો તેમાં ખાસ આકર્ષણ રહે. શેર બજારમાં કેટલાક લોકોને પૈસા બનાવતા જોઈને બીજાઓને પણ એમ કરવાની લાલચ થાય એ સ્વાભાવિક માનવ વૃત્તિ છે. આપણે કોઈ સાધુસંત તો છીએ નહિ કે પૈસાને હાથનો મેલ માનીએ. આપણને તો પૈસાનું આકર્ષણ રહેવાનું જ, અને એ પણ આટલી સહેલાઈથી મળતા હોય તો કેમ નહિ ? પરંતુ એ માટે હોમવર્ક કરવું જરૂરી છે એ વાત માનવા પણ આપણામાંથી કોઈ તૈયાર નથી.

**નિષ્ણાતો સ્પષ્ટ કહે છે કે રોકાણકારોને આવી કંપનીમાં રોકાણ કરવાની સલાહ કોઈ આપતું નથી, પણ લોકો લોભના માર્યા આવું કરીને મોટું જોખમ વહોરી લે છે અને અંતે હાથ બાળે છે**

સિંટેક્સને એનસીએલટીમાં લઇ જવામાં આવી તેના એક દિવસ પહેલા જ ઝારખંડના બ્રિજેશ સિંઘે તેના શેર ખરીદ્યા હતા. તેને આશા હતી કે કોઈ મોટી કંપની સિંટેક્સને ખરીદવા આગળ આવશે અને એટલે તેના શેરના સારા ભાવ મળશે. લઘુમતી શેરહોલ્ડરો માટે આ એક સારી તક બનશે. બેંકરોએ જે રકમનો દાવો સિન્ટેક્સ સામે કરેલો એ રકમના એક ટકાથી પણ ઓછા શેર લઘુમતી શેરહોલ્ડરો પાસે હોવાથી આ આશા ઓર મજબૂત બનેલી. નવા માલિકો આ શેરમૂડી સાવ તો ભૂંસી નહિ નાખે એવી અપેક્ષા બજારમાં હતી જેને લીધે બ્રિજેશ જેવા લોકો શેર ખરીદવા આગળ આવ્યા હતા.


એવા પણ કિસ્સા બનતા રહે છે જેમાં રોકાણકારોને પોતાની આશા ફળતી જણાય પણ ખરેખર તેમ હોતું નથી. રૂચિ સોયા કંપનીનું ઉદાહરણ આ સંદર્ભમાં જોવા જેવું છે. કંપનીને નાદારી અદાલતમાં લઇ જવાયેલી અને બાબા રામદેવની પતંજાલિ આયુર્વેદ તેનો કબજો લેવામાં સફળ થઇ. જે દિવસે આ ફેંસલો આવ્યો તે દિવસે એટલે કે ૨૦૧૯ની નિષ્ણાતોનું મંતવ્ય છે કે આવા સંજોગોમાં ઇનસાઇડર ટ્રેડિંગનો અવકાશ રહે છે. અંદરના માણસોને જે વાત ખબર હોય તેને લીધે તેઓ શેર બજારમાં લેવેચ કરીને પૈસા કમાઈ શકે અને તેનો ભોગ બને સામાન્ય રોકાણકાર જે આખરે પૈસા ગુમાવે. સેબી એવા પગલાં લઇ રહી છે જેથી આવું ન બને, પણ શક્યતા નકારી ન શકાય. આમ જુઓ તો નાદારીની સમગ્ર પ્રક્રિયામાં જ પારદર્શકતાનો અભાવ છે. વિવિધ તબક્કે બધી માહિતી રોકાણકારોને મળતી નથી. અંદરખાને શું રંધાઈ રહ્યું છે તેની કોઈ માહિતી બહાર આવતી નથી. આ બધાનો રસ્તો કાઢવો રહ્યો. પણ સામાન્ય રોકાણકાર માટે બોધપાઠ સ્પષ્ટ છે. આવી કંપનીના શેરમાં પૈસા બનાવવાની લાલચથી દૂર રહેવું.

★ ★ ★

૩૦ એપ્રિલે રૂચિ સોયા કંપનીના શેરનો ભાવ રૂ. ૭.૪૫ હતો. એ પછી શેર ભાવનો ગાફ ઊંચે અને ઊંચે જવા લાગ્યો અને ૨૧ જાન્યુઆરી ૨૦૨૧ને દિવસે તેનો ભાવ હતો રૂ. ૧,૫૩૫. અર્થાત ૮,૯૦૦ ટકાનો જંગી વધારો. પણ રોકાણકારોને ખબર નહોતી કે રિઝોલ્યુશન પ્લાન નીચે કંપનીના ૯૯ ટકા શેરને ભૂંસી નાખવામાં આવેલા. રૂ. ૧૦૦ના શેરનો ભાવ એક રૂપિયો કરી નખાયેલો અને આટલા તોતિંગ વધારા બાદ પણ શેરમાં વાસ્તવિક રીતે જોઈએ તો રૂ. ૧૦૦ના શેરનો ભાવ રૂ. ૮૯ થયો. કંપનીના શેરનો માત્ર એક ટકા હિસ્સો જાહેર જનતા પાસે હતો. સેબીના આદેશ નીચે ગયા મહિને પ્રમોટરોએ રૂ. ૪,૩૦૦ કરોડનો ફોલો અપ ઇસ્યુ કરીને પોતાનો શેર હિસ્સો ઘટાડ્યો.

જો કે દરેક કિસ્સામાં રોકાણકારોના પૈસા ડૂબી જાય એવું જ બને એ જરૂરી નથી. બિનાની સિમેન્ટનો કિસ્સો એનું ઉદાહરણ છે. અલ્ટ્રા ટેક સિમેન્ટે તેનો કબજો લીધો એ પછી બેંકોના પૈસા તો ચૂકવી દીધા, સાથે શેર હોલ્ડરોના પૈસા પણ બચાવ્યા. પણ મોટી કંપનીઓની વાત કરીએ તો આ પ્રકારનો આ એક જ કિસ્સો છે એ નોંધવા જેવું છે.

# અધર્મ થોડો વખત લાભકારક દેખાય છે, પણ અંતે મનુષ્યનો સમૂળો નાશ કરે છે



આપનું નાણું



ગૌરવ મશરૂવાળા

अधर्मेणैधते तावत् ततो भद्राणि पश्यति ।
ततब सपत्नान् जयति समूलस्तु विनश्यति ॥

**અ**ધર્મથી મનુષ્ય થોડો વખત માટે સમૃદ્ધ થાય છે, તેને જે આકર્ષક લાગતું હોય તે પ્રાપ્ત કરે છે, પોતાના હરીફોને હરાવે છે, પરંતુ અંતે મૂળ સહિત નાશ પામે છે. (મનુસ્મૃતિ)

આ જ વાત સહજાનંદ સ્વામીએ શિક્ષાપત્રીમાં કહી છે. 'કોઈ કર્મ ઘણું ફળ આપનારું ભલે હોય, પણ જો તેમાં ધર્મ ન હોય તો એનું આચરણ કરવું નહીં. ધર્મ હોય ત્યાં જ પુરુષાર્થ છે. માટે કોઈ ફળના લોભે ધર્મનો ત્યાગ કરવો નહીં.' શિક્ષાપત્રીના શ્લોક ૭૩નો આ ભાવાર્થ છે.

સ્વામીનારાયણ પંથની શિક્ષાપત્રીના આ શ્લોક પરથી મને હિન્દી ફિલ્મોની એક વાત યાદ આવે છે. ફિલ્મોમાં વિલન ગેરકાનૂની પ્રવૃત્તિઓ કરતો જોવા મળે છે. તે સોનાની દાણચોરી, કેફી પદાર્થોની હેરફેર કે શસ્ત્રોના વેપાર જેવી રાષ્ટ્રવિરોધી પ્રવૃત્તિઓ કરતો હોય છે. અજિત (મૂળ નામ હમીદ ખાન) નામે પ્રખ્યાત કલાકાર સોનાના દાણચોરની ભૂમિકા ભજવતો હતો. દેશના કાયદાનો ભંગ કરીને થતી કરચોરીનો આ પ્રકાર છે. ફિલ્મોમાં અલગ અલગ વિલનોએ કરેલી અલગ અલગ ગેરકાનૂની પ્રવૃત્તિઓ ધર્મરહિત અથવા તો અધર્મી પ્રવૃત્તિઓ હતી. છેવટે તેમને સજા મળતી. જ્યારે પણ કોઈ માણસ કરચોરી કરવા માટેનું પગલું ભરે છે ત્યારે તેનું કાર્ય વિલન જેવું હોય છે એમ કહી શકાય. તેનો અંત પણ વિલન જેવો જ આવતો હોય છે.

આપણે રાવણ વિશે પણ સાંભળ્યું છે કે એ શિવનો ભક્ત હતો. આમ છતાં તેણે આ જગતના નિયમોનો ભંગ કરીને સીતાના અપહરણની ગેરકાનૂની કે અધર્મી પ્રવૃત્તિ કરી. છેવટે એ એક પગલાએ તેનો વિનાશ સર્જ્યો. આ જ વાત બીજા અસુરોના કિસ્સામાં પણ જોવા મળી છે. આપણે અગાઉ આ કટારમાં ભગવદ્ ગીતાના શ્લોક ક્ર. ૧૬.૧૨ અને ૧૬.૧૩નો સંદર્ભ જોયો હતો. તેમાં પણ સંપત્તિ રળવા માટે કરાતી અસુરી પ્રવૃત્તિઓની વાત હતી.

**અધર્મ અને અનીતિ આચરનારા લોકોનું જીવન આપણને બહારથી ઘણું સુખી અને પ્રભાવશાળી દેખાતું હોઈ શકે, પરંતુ વાસ્તવમાં તે એવું હોતું નથી, તે પોતે કે તેના પરિવારજનો કોઈ શારીરિક કે માનસિક સમસ્યાથી પીડાતા હશે**

શાસ્ત્રોનાં અને હિન્દી ફિલ્મોનાં ઉદાહરણ પરથી આપણે અધર્મી પ્રવૃત્તિઓનાં ઉદાહરણ જોયાં. હવે આપણી આસપાસ રોજિંદા જીવનમાં બનતી ઘટનાઓમાં તેનું પ્રતિબિંબ જોઈએ. કોઈ વેપારી સામાન વેચતી વખતે વજનમાં ગરબડ કરે કે હલકી ગુણવત્તાનો માલ આપે, કોઈ વ્યવસાયી ગ્રાહકને છેતરે, કોઈ વકીલ વધુ ફી કમાવા માટે કેસને લંબાવ્યે રાખે, કોઈ ડૉક્ટર સર્જરીની જરૂર ન હોવા છતાં તેની ભલામણ કરે, કોઈ માણસ દારૂ પર પ્રતિબંધ ધરાવતા વિસ્તારમાં એમ્બ્યુલન્સની મદદથી દારૂ ઘૂસાડે વગેરે સંખ્યાબંધ ગેરકાનૂની, અનૈતિક અને અધર્મી પ્રવૃત્તિઓ બનતી હોવાના દાખલા આપણી આસપાસ મોજૂદ છે.

આવી પ્રવૃત્તિઓ કરનારા લોકોની ગતિ પણ હિન્દી ફિલ્મોના વિલન જેવી જ થવાની. બહારથી આપણને એવા લોકોનું જીવન ઘણું સુખી અને પ્રભાવશાળી દેખાતું હોઈ શકે, પરંતુ વાસ્તવમાં તે એવું હોતું નથી. તે પોતે કે તેના પરિવારજનો કોઈ શારીરિક કે માનસિક સમસ્યાથી પીડાતા હશે, જેની બહારના માણસ તરીકે આપણને ખબર જ નહીં હોય.

બીજું, આપણે કુદરતનો ક્રમ સમજી લેવાની જરૂર છે. જ્યાં પણ આ પૃથ્વીના કે બ્રહ્માંડના નિયમો કે સિદ્ધાંતોનો ભંગ થાય છે ત્યાં તેનું પરિણામ ગંભીર જ આવતું હોય છે. કરચોરી દ્વારા દેશના કાયદાનો ભંગ કરીએ તો દંડ ભરવો પડે છે. આ જ રીતે જો આપણે બીજા અમુક કાયદા તોડીએ તો દંડની સાથે સાથે કેદ પણ થઈ શકે છે. વળી ગેરકાનૂની પ્રવૃત્તિઓ કરનારાઓ સમાજમાં કલંકિત થઈ જાય છે. જો આપણે કોઈ કાયદો તોડીએ નહીં અથવા તો કાયદાનું અચૂકપણે પાલન કરીએ તો પણ કોઈ વિશેષ પુરસ્કાર કે લાભ આપવામાં આવતો નથી, કારણ કે એમ કરવામાં આપણે કોઈ મોટું કામ કરતા નથી. એવું તો કરવાનું જ હોય, એ જ તો ધર્મ છે.

જો કે આપણે કુદરતના નિયમોનું પાલન કરીએ કે ધર્મનું કાર્ય કરીએ તો કુદરત આપણને તે કાર્યનો પોતાની રીતે શિરપાવ આપે છે. દા.ત. જો આપણે વાસી ખોરાક ખાઈએ તો માંદા પડીએ છીએ, પણ જો આરોગ્યપૂર્ણ ખોરાક લઈએ તો શારીરિક અને માનસિક આરોગ્ય સારું રહે છે. આ જ રીતે વનનો નાશ કરવાથી હવામાનમાં પલટો આવે છે અને ગ્લોબલ વૉર્મિંગ, દુકાળ કે અતિવૃષ્ટિ જેવી આપદાઓ આવે છે. તેનાથી વિપરીત, જો વન્યસંપદા ટકાવી રાખીએ તો ઠંડી-ગરમી-વરસાદ યોગ્ય પ્રમાણમાં આવે છે. પરિણામે ખોરાકપાણીની દૃષ્ટિએ મનુષ્યને કોઈ તકલીફ પડતી નથી. બીજા શબ્દોમાં કહીએ તો કુદરતે આપેલો એ શિરપાવ કે આશીર્વાદ છે. ધર્મ દંડ પણ કરે છે અને ધર્મ આશિષ પણ આપે છે.

ફરી એક વાર શિક્ષાપત્રીના શ્લોક ક્ર. ૭૩ પર નજર કરીએ. ભલે ગમે તેટલો લાભ દેખાતો હોય, અધર્મ થાય એવી કોઈ પ્રવૃત્તિ નહીં કરવાનું તેમાં કહેવાયું છે. અધર્મમાં જેટલો વધારે લાભ મળે તેટલી જ વધારે શિક્ષા પણ મળતી હોય છે એ વાત ખાસ ધ્યાનમાં લેવા જેવી છે.

# લાઇમ લાઇટમાં ! લીંબુની ખેતી અને તેજીનું ગણિત



સાંપ્રત પ્રવાહો



નિલય ઉપાધ્યાય

**આ**શરે સવા ત્રણ લાખ હેક્ટર કરતા વધારે જમીનમાં વાવેતર વડે ૩૭ લાખ ટન કરતા વધારે લીંબુ પાકતા હોવા છતાં ભારતમાં લીંબુના ભાવ ખાટાં થઇ ગયા છે. મોંઘવારી એટલી થઇ ગઇ છેકે કિલોમાં વેંચાતા લીંબુ નંગમાં ખરીદવા પડે છે ! લીંબુ આ વખતે એક કિલોદીઠ ૨૦૦-૪૦૦ રૂપિયે વેચાયા છે. મેટ્રો શહેરોમાં એક નંગ ૧૦-૧૫ રૂપિયામાં પડે છે. કોલ્ડ્રીંક્સની બોટલ આવી જાય એ ભાવમાં લીંબુ પડતર થાય છે. ભાવવધારાના શિખરે ડુંગળી, ટમેટાં અને બહુ બહુ તો બટાટા હોય એવા કિસ્સા પાછલા દાયકામાં ઘણી વખત નોંધાયા છે પણ લીંબુ આ રેસમાં બાકી હતુ. લીંબુ એ આ બધા શાકભાજીની લાઇન કાપી છે. લીંબુના ભાવને લીધે લીંબુની ખેતી 'લાઇમ' લાઇટમાં આવી છે.

ઘણા લોકો મોટું ફળિયું ધરાવતા હોય તો ત્યાં લીંબુ રોપે છે ને કોઇ બોન્સાઇથી લીંબું ઘેર બેઠાં ઉગાડે છે. ખેડૂતો ય પરંપરાગત પાકોને બદલે હવે લીંબુને મહત્વ આપવા માંડ્યા છે. આ વખતની તેજી પછી તો ઘણા નવા ખેતરોમાં લીંબુડા ઝુલતા હોય તો નવાઇ નહીં. વર્ષે ત્રણ ત્રણ વખત લીંબુડી પર ફાલ આવે છે. જાન્યુઆરી-ફેબ્રુઆરીમાં ફૂલ બેસવાનું શરૂ થાય અને એ પાક એપ્રિલમાં આવે તે આંબે બહાર તરીકે ઓળખાય છે. જૂન-જુલાઇમાં ફૂલ બેસે અને ઓક્ટોબરમાં આવે તે મૃગ બહાર અને સપ્ટેમ્બર-ઓક્ટોબરમાં ફૂલ બેસે અને માર્ચમાં બજારમાં આવે તે લીંબુ હસ્ત બહાર ગણાય છે. કૃષિ વૈજ્ઞાનિકો કહે છેકે, સૌથી વધારે ઉત્પાદન આંબે બહારમાં મળે ૩૦ ટકા જેટલું મૃગ બહારમાં અને હસ્તબહારમાં ફક્ત ૧૦ ટકા ફાલ આવતો હોય છે. હવે વિચારી શકાય એવું છેકે માર્ચમાં આમ પણ ઉત્પાદન ઓછું આવે. એવામાં પાકમાં બગાડ થાય તો ભાવ પર અસર પડવાની. લીલાં ભેગુ સૂકું બળે તેમ તેજીમાં તેજી વધુ ઉગ્ર બનતી હોય છે. તેજી થાય ત્યારે સટ્ટોડિયાઓ પણ સક્રિય થાય છે.

આમ તો આખું વરસ ગુજરાતની બજારમાં ૨૦-૪૦ રૂપિયે કિલો મળી જાય છે પણ ઉનાળો આવે ત્યારે ભાવ ચમકે છે. આ વખતે ઉનાળો થોડો ભારે પડ્યો છે કારણકે કોઇપણ વર્ષે ઉનાળામાં ય કિલોએ બહુ બહુ તો ૧૦૦-૧૫૦નો ભાવ થાય છે, લીંબુએ અત્યારે હદ વટાવી છે !

ભારતમાં આંધ્રપ્રદેશ સૌથી વધારે લીંબુ ઉગાડે છે. ખેતીવાડી ખાતાના આંકડાઓ પ્રમાણે ૪૫ હજાર હેક્ટર કરતા વધારે જમીનમાં વાવેતર થાય છે. મહારાષ્ટ્ર, ગુજરાત, ઓરિસ્સા અને તામિલનાડુંમાં પણ પાક સારો એવો થાય છે. ગુજરાતમાં લગભગ ૩૦ હજાર હેક્ટર જેટલા વિસ્તારમાં લીંબુની ખેતી કરવામાં આવે છે. પાતળી છાલવાળા કાગઝી લીંબુ બધે જ વધા લેવાય છે. સરબત બનાવવા માટે સ્પેશ્યલ ગણાતી રંગપુર લાઇમની જાતોની વાવણી પણ થાય છે. જાડી છાલવાળી દેશી વેરાઇટી પણ ઘણી છે. પશ્ચિમ બંગાળમાં ગોંધોરાજ કહેવાય છે.

લીંબુ આ વખતે વધારે પડતા ખાટાં થઇ ગયા એટલે લોકોને અને ખેડૂતોને એમાં વધારે રસ પડ્યો છે. પાછલું ચોમાસું ઘણું સારૂં હતુ. સપ્ટેમ્બર-ઓક્ટોબર મહિનામાં ભારેખમ વરસાદ થયો. લીંબુના ઝાડ જ્યાં ઉગાડાય છે ત્યાં વધુ પડતો ભેજ આવી ગયો. ઝાડનું ધોવાણ થયું. ક્યાંક તો મૂળસોંતા ઉખડી ગયા. એ સમયે ફ્લાવરીંગ ન થયું અને ફાલ ઉતર્યો નહીં. ખરેખર લીંબુની બજાર સિસ્ટમ એવી હોય છેકે ચોમાસા પછી પાકતા લીંબુને કોલ્ડ સ્ટોરેજોમાં સંગ્રહ કરી લેવામાં આવે છે. ઉનાળામાં તેનો ઉપયોગ થાય છે. કારણકે ઉનાળા વખતે નવો પાક આવે તો તે ઓછો હોય છે. ગરમીને લીધે લીંબુ બહુ પાકતા નથી. ગરમીને કારણે ઠંડાપીણા, રસવાળા કે છેલ્લે લીંબુપાણી રૂપે પીનારો વર્ગ પણ ખૂબ વધી જાય ત્યારે માગ-પુરવઠા વચ્ચે ખાંચો પડી જાય. આ વખતે થોડો વધારે પડતો ખાંચો પડી ગયો. એ બજારભાવને ખેંચી ગયો. હવે સપ્ટેમ્બર-ઓક્ટોબર પહેલા નવો પાક આવે નહીં એટલે ભાવ તો ઉંચા રહેવાના પણ ઉનાળો જાય એટલે લીંબુ વાપરવાનું ઘણું ઓછું થઇ જશે.

**આંબેબહાર, મૃગબહાર અને હસ્તબહાર આખરે શું છે? આંધ્રપ્રદેશ લીંબુ ઉગાડવામાં અવ્વલ પણ ગુજરાત પાછળ નથી**

એવું કહેવાય છેકે, કોલ્ડ સ્ટોરેજમાં લીંબુ ભરનારા વર્ગને દર વર્ષે ખૂબ ફાયદો થાય છે. આ વખતે તેજી એટલી બધી થઇ કે માલામાલ થઇ ગયા છે ! કોલ્ડમાં લીંબુ ખૂબ મોટાંપાયે ભરવામાં આવતા હોય છે. દસ વીસ રૂપિયે કિલો ખરીદીને સંગ્રહ-બગાડનું જોખમ વેપારી ઉઠાવે છે. પરંતુ જ્યારે ઉનાળામાં ભાવ ઉંચે જાય ત્યારે સારાં એવા દામ-નફો કમાઇ પણ લે છે. આ વખતે તેજી આકરી થઇ છે એટલે ઘણા લોકોએ કોલ્ડસ્ટોરેજમાં ભરવાવાળા લોકોને સંઘરાખોર તરીકે ઓળખાવીને દોષ પણ દીધો છે. લીંબુ શરીર માટે અઢળક ફાયદા કરાવે એવા છે પણ ખેડૂતો ય જો ખેતી કરતા થાય તો ઘણો ફાયદો છે. ઓછી જમીનમાં અને ઓછી મહેનતથી લીંબુ પાકે અને એમાં કમાણી વધારે થાય. સૌથી મોટો ફાયદો એ કે એક વખત છોડ ખેતરમાં લગાડ્યા પછી વર્ષો સુધી ફળ આપ્યા કરે અને આખું વરસ ખેડૂત તેને વેંચીને કમાણી કરી શકે. ભારતમાં લીંબુના ભાવ ઉનાળામાં પૂછાય છે પણ શિયાળા કે ચોમાસામાં કિસાનો નુક્સાની પણ કરતા હોય છે.

લીંબુના ભાવ માંડ સ્થિર થયા છે ત્યાં હવે એકાએક ટમેટાંના ભાવ મોંઘવારીનો નવો અધ્યાય શરૂ કરી ચૂક્યાં છે...

## દુનિયામાં સૌથી વધારે લીંબુ ભારતમાં પાકે છે

ગૌરવ થાય એવી વાત એ છેકે ભારત દુનિયાભરમાં સૌથી વધારે લીંબુ ઉત્પાદન કરે છે. કેરી અને કેળાની જેમ લીંબુમાં ય ભારત અગ્રક્રમે છે. તો પણ વપરાશ જ એટલો બધો છેકે લીંબુના ભાવ પુરવઠો થોડો પણ પ્રભાવિત થાય ત્યાં વધી જાય છે. ભારતમાંથી નિકાસ પણ થાય છે.

ભારત પછી ઉત્પાદનમાં બ્રાઝીલ આગળ છે. રસદાર ફળોનું ઉત્પાદન બ્રાઝીલ ૨૧૦ લાખ ટન જેટલું કરે છે. ૧૭-૧૮ લાખ ટન લીંબુ થાય છે. બ્રાઝીલમાંથી મહત્તમ નિકાસ થાય છે.

ચીન આશરે ૧૭ લાખ ટન લીંબુ પકવે છે. બ્રાઝીલ કરતા ક્યારેક ઉત્પાદન વધી જાય તો ક્યારેક ઘટી જાય છે. ત્યાં ઉત્પાદન સતત વધી રહ્યું છે. જોકે ત્યાં જેટલા રસદાર ફળો પાકે છે એમાં લીંબુનો હિસ્સો માત્ર ૨ ટકાનો છે. ચીન રસદાર ફળોનું ઉત્પાદન આશરે ૨૧૦ લાખ ટન આસપાસ કરે છે.

અમેરિકા દ્રાક્ષ ઉત્પાદનમાં આગળ છે પણ લીંબુ ય ખાસ્સા પકવે છે. ૧૦૦ લાખ ટન રસાઉ ફળોનું ઉત્પાદન થાય છે એમાં થોડો હિસ્સો લીંબુનો પણ છે. ત્યાં વપરાશ વધારે છે એટલે નિકાસ બહુ ઓછી થાય છે. મેક્સિકો ૧૮-૧૯ લાખ ટન લીબુ ઉત્પાદન કરે છે. ત્યાંથી અમેરિકા નિકાસ થાય છે.

સ્પેન ૮-૯ લાખ ટન લીંબુ પકવે છે. જ્યારે રસાઉ ફળોનું ઉત્પાદન ૫૭ લાખ ટન જેટલું થાય છે. લીંબુ સ્પેનમાં ઓછાં વપરાય છે એટલે ત્યાંથી વિશ્વભરમાં નિકાસ થાય છે. ટોચના નિકાસકાર તરીકે સ્પેનનું નામ છે.

ઇરાનમાં પણ લીંબુનું ઉત્પાદન સારૂં એવું તાય છે. ત્યાં ૭-૮ લાખ ટન લીંબુ પાકતા હોવાનો અંદાજ છે. ઇટલીમાં ૮ લાખ ટન જેટલાં લીંબુ પાકે છે. એ પછી આફ્રિકન દેશ નાઇઝીરીયામાં ૨-૩ લાખ ટન લીંબુ થાય છે. તૂર્કી આશરે ૬-૭ લાખ ટન લીંબુ પાકે છે.

ભારત સૌથી મોટો ઉત્પાદક દેશ છે પણ નિકાસમાં તે પાછળ છે એનું કારણ ઉંચો ઘરેલુ વપરાશ છે. સ્પેન સૌથી વધારે નિકાસ કરે છે અને એ પછી મેક્સિકો, દક્ષિણ આફ્રિકા અને નેધરલેન્ડનો ક્રમ નિકાસ ક્ષેત્રે આવે છે.

# રોકાણકારો માટે ફુગાવાનો એક જ ઈલાજ છે ઇક્વિટી

**શેરબજારમાં રોજેરોજ એટલો બધો શોરબકોર થાય છે કે આપણને એમ જ લાગે કે ત્યાં કશું સ્થિર કે નિશ્ચિત નથી,પરંતુ આ એક ભ્રમ છે. જરાક લાંબા સમયમાં પણ જો કોઈ ચીજ તમારી બચતને સાફ થઇ જતા અટકાવી શકે તેમ હોય તો તે ઇક્વિટી છે**




■ **ધીરેન્દ્ર કુમાર** (સીઈઓ, વેલ્યૂ રિસર્ચ)

**આ**જની ઘડીએ અને આવતા ઘણા મહિનાઓમાં જે રોકાણકારો એફડી, બોન્ડ કે ડિબેન્ચર્સ જેવાં નિશ્ચિત આવક આપતાં સાધનોને વળગી રહેશે એમને માટે ભાવવધારાના દર કરતા વધુ વળતર મેળવવાનું અશક્ય હશે. બેન્કની ફિક્સ્ડ ડિપોઝીટ (એફડી), ડેટ મ્યુચ્યુઅલ ફંડ અને લગભગ બીજા કોઈ પણ પ્રકારની ડિપોઝીટ પર તમને એટલું ઓછું, નિહાશિયું વળતર મળશે કે સમયના વહેવા સાથે તમારી મૂડીના ખરા મૂલ્યનું ધોવાણ થતું રહેશે. વ્યાજ મળવા છતાં તમે ગરીબ બનતા જશો. અર્થશાસ્રની પરિભાષામાં આને શૂન્યથી ઓછા અથવા નકારાત્મક વ્યાજદર કહે છે.

ગ્રાહક ભાવાંકનો ફુગાવો અત્યારે સાડાસાત ટકાની આસપાસ છે. મોટાભાગના લોકો માટે વાસ્તવિક ફુગાવો આનાથી ક્યાંય વધારે છે. તમે થોડી તપાસ કરો અને વિવિધ પ્રકારનાં ડેટ ફંડોનાં એક વર્ષનાં વળતર તપાસી જુઓ તો તમને ખ્યાલ આવશે કે મોટાભાગનાં ફંડોએ ત્રણથી ચાર ટકા અને એકબે ફંડોએ ચારથી પાંચ ટકા જેટલું વળતર આપ્યું છે. બેંકોની એફડી પરના વ્યાજદર ટૂંકી મુદ્દત માટે ત્રણ ટકાથી ઓછા અને બીજે છેડે ૫.૫ ટકાની આસપાસ ચાલે છે. જો તમારે શૂન્ય અથવા નજીવા જોખમ સાથે નિશ્ચિત વળતરની સલામતી જોઈતી હોય તો તમારા પૈસાનું વાસ્તવિક મૂલ્ય ઘસાતું જશે.આ કઠોર વાસ્તવિકતા છે.

આ પરિસ્થિતિ ક્યાં સુધી ચાલુ રહેશે એ કહેવું મુશ્કેલ છે. રિઝર્વ બેંકે વ્યાજદરમાં વધારો કરવાની શરૂઆત કરી દીધી છે. તેને પગલે ડિપોઝિટોના દર પણ ધીમે ધીમે વધશે. પરંતુ તે છતાં ઊંચા ફુગાવાનો આ દોર ઘણા વખતથી આવું આવું થતો હતો અને હવે આવી ગયા પછી તેને જતા પણ વાર લાગશે. મેં અગાઉ અન્યત્ર લખ્યું હતું કે અમેરિકામાં ફુગાવો દાયકાઓની સર્વોચ્ચ સપાટીએ પહોંચ્યો છે ત્યારે તેની સરકાર અને મધ્યસ્થ બેન્ક શું કરે છે તેને આધારે આપણી બજારોમાં ઘણી અફરાતફરી અને અનિશ્ચિતતા જોવા મળશે. જો કે વિશ્વના અર્થતંત્રમાં સર્વત્ર ઢગલામોઢે નાણાં ઠલવાતાં હોય ત્યારે બધે જ અસ્ક્યામતોના ભાવમાં ઉછાળો આવવે એ સ્વાભાવિક છે. ખરૂં પૂછો તો અમેરિકાને નોટો છાપવાનું ઘેલું લાગ્યું છે. ૨૦૦૮માં તેનો કુલ નાણાપુરવઠો ૭.૫ લાખ કરોડ ડોલર હતો. ૨૦૧૯ સુધીમાં તે બમણાથી વધી ગયો હતો. ગયા વર્ષના અંતે કોઈકે ગણતરી કરી હતી કે અત્યારે જેટલા ડોલર અસ્તિત્વમાં છે તેના ૨૦ ટકા છેલ્લા દસ મહિનામાં જ સર્જાયા છે. મને ખાતરી છે કે અત્યારે આ પ્રમાણ આનાથી પણ ઊંચું હશે.

કેટલીક પાયાની વાતોનો વિચાર કરો. હાલના ફુગાવા માટે યુક્રેન યુદ્ધ, ચીનના લોકડાઉન કે બીજાં જે કારણો અપાતાં હોય તે, પણ હકીકત એ છે કે જયારે ઘણા બધા પૈસા ઘણા ઓછા સામાનની પાછળ દોડવા લાગે છે ત્યારે ફુગાવો સર્જાય છે. કોરોના વાયરસની આર્થિક અસરોને ખાળવા માટે વિશ્વના અગ્રણી દેશોએ જે રીતે નવા નાણાંનું સર્જન કર્યું હતું તે જોતા હાલનો ભાવવધારો અનિવાર્ય હતો.

સવાલ એ છે કે એક બચતકાર અને રોકાણકાર તરીકે તમારે શું કરવું જોઈએ ? જવાબ જે હંમેશા હોય છે એ જ છેઃ તમારા પોર્ટફોલિયોમાં ઇક્વિટી હોય તે જરૂરી છે. ઇક્વિટીમાં રોકાણ કરવું એટલે શેરો ખરીદવા. પરંતુ નવા નિશાળિયા જેવા રોકાણકારો માટે એનો અર્થ થાય છે ઇક્વિટી આધારિત મ્યુચ્યુઅલ ફંડોમાં રોકાણ કરો. કોઈને આ વિધાનમાં અંધશ્રદ્ધા લાગશે, પણ ખરેખર તો એ તદ્દન વાસ્તવવાદી અભિગમ છે. આ મુદ્દો સમજવા માટે તમારે ઇક્વિટી પર થતો નફો ક્યાંથી આવે છે તે સમજવું પડે. ઇક્વિટી પર નફો થવાનું ખરૂં અને મૂળ કારણ છે દેશનો આર્થિક વિકાસ. સામાન્ય રીતે જે દરે અર્થતંત્ર વિકસતું હોય તે દરે શેરોના ભાવ વધવા જોઈએ. ફુગાવાનો દર આર્થિક વિકાસના દરમાં અંતર્ગત હોય છે. ધારો કે અર્થતંત્ર આઠ ટકાની ઝડપે વિકસતું હોય અને ફુગાવાનો દર આઠ ટકા હોય તો શેરોના ભાવમાં ૧૬ ટકાનો વધારો થવો જોઈએ. અને આ તો માત્ર સરેરાશ વધારો છે. જો એક રોકાણકાર તરીકે તમે (કોઈ સારા મ્યુચ્યુઅલ ફંડની મદદથી, દાખલા તરીકે) એવા શેરો પસંદ કરો કે જેના ભાવ સરેરાશ કરતાં વધારે ઝડપે વધે તો તમે આર્થિક વિકાસના દરને પણ મ્હાત કરી શકો.

પરંતુ લોકોને ડર લાગે છે અફરાતફરીનો અને અનિશ્ચિતતાનો. શેરબજારમાં રોજેરોજ એટલો બધો શોરબકોર થાય છે કે આપણને એમ જ લાગે કે ત્યાં કશું સ્થિર કે નિશ્ચિત નથી. પરંતુ આ એક ભ્રમ છે. જરાક લાંબા સમયમાં પણ જો કોઈ ચીજ તમારી બચતને સાફ થઇ જતા અટકાવી શકે તેમ હોય તો તે ઇક્વિટી છે.

# હળદર : રોજેરોજ ઘટતા ભાવ અને વધતી આવકથી મુંઝાયેલા સ્ટોકિસ્ટો

**મ**સાલાની કેટલીક ચીજોમાં ગભરાટનું વાતાવરણ છે. ગુરુવારે એનસીડેક્સ ઉપર ધાણા અને જીરુંમાં જાણે ધરતીકંપ થયો હોય તેમ બન્ને વાયદા પ્રતિ ક્વિન્ટલ રૂ. ૭૦૦ તૂટી ગયા હતા. અરે, હળદર પણ રૂ. ૪૦૦ ઘટી ગયા પછી રૂ. ૨૦૦ સુધરી હતી. શુક્રવારે ધાણામાં વધુ રૂ. ૨૦૦ની નરમાઈ જોવા મળી હતી. આમ, ત્રણ સપ્તાહમાં ધાણા અને જીરુંમાં લેણ વેચીને નફો ઘરભેગો કરવાની સલાહ સોનેરી પૂરવાર થઈ.

**હળદર :** હળદર બજારમાં દિનપ્રતિદિન વધતી આવકો અને રોજેરોજ ઘટતા ભાવથી મંદીવાળા પણ ચોંકી ઊઠ્યા છે અને તેજીવાળા તો પોતાના પગ પર જ કુહાડો માર્યો હોય તેમ દિનપ્રતિદિન ફસાતા જાય છે. નાણાંની તંગી, વેરહાઉસ અને કોલ્ડ સ્ટોરેજમાં જગ્યાનો અભાવ, નાણાંના વ્યાજનું ચડતું જતું મીટર, બજારમાં માગનો અભાવ અને ઉપરથી મરાઠવાડામાં વધતી જતી આવકોથી તેજીવાળાની મૂંઝવણનો પાર નથી.

ત્રણ મહિના પહેલાં તેજીવાળા ગ્રુપે હળદર વાયદો જ્યારે બેચાર દિવસ માટે રૂા. ૧૧૦-૧૧૧ ટચ કરાવ્યો ત્યારે તે લોકોએ આ અખબારમાં આવતા રિપોર્ટની ખૂબ જ મજાક ઉડાડી પણ હવે જુઓ કે અખબારના દરેક આંકડા, દરેક રિપોર્ટ અને દરેક સલાહ શત પ્રતિશત સાચી પડી રહી છે. માટે અમે વારંવાર કહેતા આવ્યા છીએ કે જેમણે હળદરની ૧૦૦૦-૨૦૦૦ ગૂણી પણ સ્ટોક કરવી હોય તેમણે ૮-૯ દિવસનો સમય કાઢીને મરાઠાવાડા, સાંગલી, ઇરોડ, ડુગીરાળા, કડપ્પા તથા નિઝામાબાદનો જાતે પ્રવાસ કરી અને પૂરેપૂરો અભ્યાસ કરીને પછી જ હળદરમાં રોકાણ કરવું જોઈએ. છેલ્લાં ચાર વર્ષથી હળદરના રોકાણકારો તથા સ્ટોકિસ્ટો માર ખાતા આવ્યા છે અને આ પાંચમું વર્ષ છે જેમાં તેમણે વધુ માર ખાવાનો વારો આવ્યો છે.

## ધાણા-જીરું : નફારૂપી વેચવાલીથી પ્રત્યાઘાતી ઘટાડો



**મસાલા બજાર**

પ્રેમચંદ મોતા
mottacal@gmail.com

તેજીના ઉફાણમાં ગેલમાં આવીને સાંગલીમાં જે રાજાપુરી કાંડી હળદર રૂ. ૧૧,૧૧૧ પ્રતિ ક્વિન્ટલ વેચાઈ હતી તે જ હળદર બુધવારે રૂ. ૮૫૦૦ પ્રતિ ક્વિન્ટલ વેચાય છે. આમ રાજાપુરીમાં રૂ. ૨૫-૨૬ પ્રતિ કિલો ઘટી ગયા. અરે ઈરોડમાં જે ગાંઠા ત્રણથી ચાર અઠવાડિયા પહેલાં ટેન્ડરમાં રૂ. ૭૮-૭૯માં લોકોએ ઊછળી ઉછળીને લીધા તે જ ગાંઠા બુધવારે રૂ. ૬૨-૬૩માં મળે છે, પણ લેનારા નથી. આમ ત્યાં એક મહિનામાં રૂ. ૧૬-૧૭ પ્રતિ કિલો ઘટી ગયા. બુધવારે ઈરોડમાં ૫૫૦૦ ગૂણીની આવક હતી અને બજાર રૂ. ૧૦૦-૧૫૦ ઢીલી હતી. શુક્રવારે પણ ૭૫૦૦ ગૂણીની આવકો વચ્ચે બજાર રૂ. ૧૦૦/૧૫૦ ઢીલી હતી. મરાઠવાડામાં છેલ્લા ચારપાંચ દિવસમાં રૂ. ૪૦૦-૫૦૦ પ્રતિ ક્વિન્ટલ ઘટી ગયા.

મોટા તેજીવાળા ૨૦૨૨નો પાક ૫૫-૬૦ લાખ ગૂણીની વાતો કરતા હતા અને બીજું નાનું ગ્રુપ ૬૦-૬૫ લાખ ગૂણીની ધારણા રાખતું હતું, પણ હવે છેલ્લી આવકોના જોતાં અત્યારે એવું લાગે છે કે ૨૦૨૨નો પાક નીચે જણાવેલ આંકડાઓ મુજબ ૮૫ લાખ ગૂણીથી ઓછો નહીં આવે.

ઈરોડ-સેલમ-મૈસુર ૧૪ લાખ ગૂણી, નિઝામાબાદ ૧૮ લાખ, ડુગીરાળા-કડપ્પા પાંચ લાખ, સાંગલી પંથક ૧૫ લાખ, બસમત-હિંગોલી-નાંદેડ-મરાઠાવાડા ૩૦ લાખ, વારંગલ-કેસમુદ્રમ ત્રણ લાખ, બિહાર એક લાખ, વિકારાબાદ-સદાશિવપેઠ-તાંદુર એક લાખ, ઓરિસ્સા-બહેરામપુર એક લાખ, દલસંગસરાઈ-બેતિયા એક લાખ, આસામ-મિઝોરમ એક લાખ અને અન્ય કેન્દ્રોમાં બે લાખ. આમ કુલ મળીને ૯૦ લાખ ગૂણી અંદાજે થાય છે, પણ તેમાંથી પાંચ ટકા બાદ કરીએ તો પણ ૮૫ લાખ ગૂણીથી ઓછો પાક આવે એવું લાગતું નથી. માટે તેજીવાળાના તથા મંદીવાળાના બધા પાકના અંદાજના આંકડા ખોટા પડે એવું લાગે છે. તે સિવાય પહેલી મેના રોજ ૨૦ લાખ ગૂણી જૂનો માલ ઉત્પાદક મથકે સ્ટોકમાં પડ્યો છે અને વેચાણના દિવસો પૂરા થયા છે. કદાચ રોજા પૂરા થતાં ૩૦-૪૦ કન્ટેનરનો ઓર્ડર આવી શકે, પણ દુબઈ તથા અખાતી દેશોમાં મસાલાના મોટા મોટા આયાતકારો પાસે ઘણો જૂનો માલ સ્ટોકમાં પડ્યો છે, જે તેમણે પણ તેજીની અફવાથી દોરવાઈને લઈ રાખ્યો હતો. આમ તેજીવાળાના ખોટા પ્રચારથી સિઝનની ઘરાકીના દિવસોનું ધોવાણ થઈ ગયું અને બધાને નુકસાન સહન કરવાનો વારો આવ્યો. માટે ખૂબ જ સમજીવિચારીને હળદરનો સ્ટોક કરજો.

**ધાણા-જીરું :** ઊંચા ભાવે જેણે અખબારની સલાહ મુજબ માલ વેચીને એકવાર નફો ઘરભેગો કરી લીધો તેઓ આનંદમાં રહ્યા, કારણ કે હવે નફારૂપી વેચવાલીથી ભાવ થોડા દબાયા છે. ભલે પાક ઓછો છે, હાજર સ્ટોક અને કેરીઓવર સ્ટોક ઓછા છે, ભવિષ્ય સારૂં છે, પણ આટલા ઊંચા ભાવે રોકાણ કરવું કે નહીં તે પ્રશ્ન તમારા મનને અને તમારા હૃદયને પૂછીને જ કરજો. ચેતતો નર સદા સુખી. આ ભાવમાં ખરીદીને સ્ટોક કરવાથી કદાચ ભાવ સારા વધે તો સારો નફો પણ મળે, પણ તેમાં 'કદાચ' શબ્દ રહેલો છે. માટે તમને સારું લાગે તે પ્રમાણે નવું રોકાણ કરજો.

# હવે ખેતીની જમીન માગે છે સેન્દ્રીય તત્ત્વો

❖ Koppert દ્વારા પેગફિટ નામની એડહેશિવ ટેપનો આવિષ્કાર થયો છે જે બાગાયત પાકોના થડ ઉપર વીટાળવાથી કીડી, મોલો, મીલીબગ સામે રક્ષણ આપે છે. આ સાદી બઝારમાં મળતી એડહેશિવ ટેપ નથી. તે તો ઝાડને નુકસાન કરે છે એક ખાસ પ્રકારના ગુંદરજેવો પદાર્થ કે જે ઝાડને નુકસાન થાય નહીં તેવા પ્રકારનો પદાર્થ કે જે ડોલમાં પાવડર નાખી હલાવવાથી રબર જેવા ગુણધર્મો ધરાવતો પદાર્થ બને છે જે ઝાડ ના થડ ફરતો વીંટાળી શકાય છે અને તે ૧૦ અઠવાડિયા સુધી અસરકારક રહે છે. આ લગાડ્યા પછી કીડી, મકોડા, મીલીબગ, તળ કીડી વગેરે થડના માધ્યમથી ઝાડ ઉપર ચડીને પછી નુકસાન કરતા હતા તેનાથી છૂટકારો મળશે. પાંચ લિટરના કેનમાંથી બનતો ગુંદર ૧ હેક્ટરમાં વાવેલાં ઝાડ માટે પૂરતું છે ભારતમાં પણ એડહેસિવ ટેપ માટે કાર્ય અને સંશોધન થઈ રહ્યું છે ત્યારે ભારતની કંપની એ વિચારવાનું છે કે આ ટેપ છોડ ઝાડને નુકસાન ન કરે અને ઓર્ગેનિક ખેતી કરતા ખેડૂતો માટે પણ ઉપયોગી હોય. ચાલો ભારતમાં એડહેસિવ ટેપ બનાવતી કંપની ને પૂછીએ કે તમારી પાસે એવી કઈ-કઈ ટેપ છે કે જે અમારી ખેતીમાં લાભ કરે. ન્યુ ઇરા ટેપ ૮૩૮૦૦૨૧૨૭૨



❖ આપણે ખેતી કરતા હોઈએ એટલે આપણી પ્રકાશ પાણી જમીન હવા સાથે સામુજ્ય સાધી એ ત્યારે આપણી ખેતીમાંથી બરકત રળી શકીએ છીએ આવતા વર્ષે ક્યાં પાકની ખેતી નફાકારક રહેશે તે આપણને ખબર નથી પરંતુ બીજ પસંદગી શ્રેષ્ઠ કરવી તે આપણા હાથમાં છે સોયાબીનની ખેતી કરવી હોય તો સોયાબીનની અવ્વલ નંબરની જાતો જેવી કે ઇગલ સોયાબીન ઊ -૮૧, ઇગલ એક્સસેલન્ટ સોયાબીનમાંથી પસંદ કરાય અને ડુંગળીનું વાવેતર કરવું હોય તો લ્યુસિફર બેસ્ટ છે પરંતુ તમને થશે કે બે વર્ષથી લુસીફરની આયાત થતી નથી એટલે ભારતમાં ડુંગળીનું લ્યુસિફરનું બિયારણ મળતું નથી પરંતુ બેજો કંપની હવે સ્વતંત્ર રીતે ભારતમાં માર્કેટિંગ કરવાની છે ત્યારે આવતા વર્ષે એટલે કે આવતા ચોમાસામાં લ્યુસિફર એક ટન બિયારણની ઉપલબ્ધિ કંપની ગુજરાત માટે કરશે તેવા સમાચાર છે ત્યારે તમારે ઘેરા ગુલાબી રંગની પ્રખ્યાત લ્યુસિફર ડુંગરી કરવી હોય તો એક કિલો બીજ દીઠ ૫૦૦ રૂપિયાની ટોકન રકમ જમા કરાવી બુક કરાવી શકો છો વધુ વિગત માટે કંપનીના પ્રતિનિધિને ફોન કરો ૯૮૨૫૨૨૯૯૬૬



❖ આપણી બોલકી વાડીને સાંભળવાની અને જોવાની આપણી પાસે કુનેહ હોવી જોઈએ. આપણી જમીન આપણને પોકારી પોકારીને કહેતી હોય કે મને સેન્દ્રીય તત્ત્વોની ભૂખ છે. મને સેન્દ્રીય તત્ત્વો આપો પણ આપણે ન સેડવીએ સાંઠી કે કચરો અને ગાય ભેંસ તો હોય નહીં એટલે ઉથરેટી તો હોય નહીં એટલે ગળતીયું ખાતર તો ક્યાંથી હોય ? આપણા બાપ દાદા એ કેળવેલી પાડાના કાંધ જેવી જમીનને આપણે એકધારા પાક લઈને રસકસ ચૂસી લીધા હોય અને પુરવણી કરવાની વાત નહીં અને બસ આપણને એમ હોય કે મોરશીયું એટલે કે ડીએપી વાવી દે શું !



❖ ડીએપીની વાત આવી છે ત્યારે નોંધો કે ફોસ્ફેટિક ખાતરોની કિંમત દિવસેને દિવસે વધતી રહી છે સરકાર સબસિડી આપે છતાં ભાવ આસમાને છે. ખાતરો વગર ચાલવાનું નથી એટલે જેટલું ખાતરના નાખીએ તેટલું છોડને ઉપલબ્ધ થઈ જાય તેવું કરવું પડશે આપણને ખબર છે કે ફોસ્ફેટિક તત્ત્વ એટલે કે ખાતર રૂપે આપણે ડીએપી નાખીએ છીએ તેના અમુક કણો માટી સાથે ચોંટીને જાય છે. ફોસ્ફરસનું જમીનના કણો સાથે જોડાઈ જવાને લીધે તે લભ્ય બનતું નથી. તેને લભ્ય બનાવવા ફોસ્ફોબેસિલસ બાયો ફર્ટિલાઇઝરની જરૂર પડે છે.








## બોલકી વાડી

પ્રવીણ પટેલ
kheti.rajkot@gmail.com

❖ ફોસ્ફેટિક ખાતરના કણોને માટીના કણો સાથે ફિક્સેસન થઈ જવાથી મૂળ દ્વારા પોષણ મેળવતા છોડને લભ્ય થતા નથી પરંતુ હવે તેમાં એક નવી ટેક્નોલોજી આવી છે ડીએપી ખાતરને એક ખાસ દવાનો પટ આપીને જમીનમાં નાખવામાં આવે તો ફોસ્ફેટિક ખાતરનું ફિક્સેસન થતું નથી એટલે કે છોડને ફોસ્ફેટ ખાતરની લભ્યતા રહે છે. તેના લીધે મોંઘા માયલા ખાતરોનો ઉપયોગ સરવાળે ફાયદો થાય છે અને આવી દવા અથવા તો પટ માટેનું કેમિકલનું નામ છે વર્ડેશિયમનું 'અવેલ' જે ૫૦ કિલોની ડીએપીની બેગ માટે ૧૦૦ મિલી પૂરતું છે વધુ વિગત તથા માહિતી માટે ફોન કરો- તરંગ વેકરિયા ૭૪૦૫૬૫૧૨૬૦.



❖ આપણી બોલકી વાડીને સેઢો હોય કે જમીન આપણી વાડીના ઝાડ હોય કે આપણે વાવેલો પાક આ બધા આપણને કંઈક કહેવા માગે છે પરંતુ તેને સાંભળવાના કાન અને જોવાની દૃષ્ટિ જોઈએ તે માટે ખેતરમાં આટો મારવાની ટેવ આપણને મદદ કરી શકે. આપણું ખેતર આપણને કહેતું હોય કે મરચી વાવતા પહેલા તેમાં આવતા રોગ, જીવાત, ડિસોર્ડર અને પોષણની ઉણપને લીધે થતા ફેરફારની યાદી અથવા તો નોંધ ૧૦૦ પાનાની બુકમાં અત્યારથી લખી લો કે થ્રીપ્સ આવે તો કઈ દવા છે ? વાયરસ આવે નહીં તે માટે ચુસિયા જીવાતનો કંટ્રોલ કેમ કરવો ? તે નોંધ કરી લઈએ તો વખત આવે ત્યારે ખોટા કેમિકલ છાંટીને નિયંત્રણ મોડું થવાનું બને નહીં આ બધી વાત આપણને બોલકી વાડી કહેતી હોય છે અને એમ પણ કહેતી હોય કે ખેતરના ઝાડ નીચે એક ટેબલ રાખી ફાર્મ ઓફિસ ખોલજે, એક ડાયરી રાખજે, કાર્યનું આયોજન કરજે, નવા વર્ષની ખેતીને વેપાર બનાવજે, પણ આપણે મોબાઇલના વીડિયોમાંથી નવરા થાય તો થાય ને ?



# વિજ્ઞાન અને જેનેટિક એન્જિનિયરીંગ કેવા ચમત્કારો સર્જશે !

**ત**મે જૂઓ ! વનસ્પતિ અન્ય જીવો જેટલી જ જીજિવિષા, સંવેદના અને પોતાના ગમા-અણગમા પ્રદર્શિત કરે છે, અને પોતાની જરૂરિયાતોને વ્યક્ત કરવા ખાસ પ્રકૃતિદત સંજ્ઞાઓ પ્રગટ કરે છે. પણ સામાન્ય માણસોમાં આ સંજ્ઞાઓ સમજવાની ક્ષમતાના અભાવે એ શું ઇચ્છે છે કે શું કહી રહી છે તે સમજી શકતા નથી.

પણ આધુનિક જૈવશાસ્ત્રના વિકાસ, વિજ્ઞાન તથા જેનેટિક એન્જિનિયરીંગના સમન્વયથી વનસ્પતિની ગૂઢ ભાષાને ઉકેલી શકાશે મિત્રો ! અરે, અત્યારે કલ્પનામાંયે ન આવે તેવી બાબતોને પરસ્પરનું સંવાદી રૂપ ઊભું થશે. એવાં જ પ્રમાણો મળી રહ્યાં છે.

લજામણીના છોડવાને તો સૌને પરિચય છે જ ! પ્રકૃતિએ એને એવી યાંત્રિક સગવડ આપી છે કે કોઇ પણ કીટક-જીવડું-કીડી-મંકોડી તેને અડકે, કે તેના પર ચડે કે તરત જ છોડવાની ડાંડલી એટલી ઝડપથી નમી પડે અને પાંદડાં એટલી ઝડપથી નીચે ઢળી પડે કે હુમલાખોર ઓચિંતાનું આ શું બન્યું ? વિચારી, ગભરાઇ જઈ, નુકશાન કરવાની વાત પડતી કરી-પોતાનો જીવ બચાવવા ભડકીને ભાગવા માંડે !

કેટલીક વનસ્પતિઓ એવી પણ હોય છે કે જે દુશ્મનથી પોતાના રક્ષણ કાજે થડ પર ચીકણો સ્રાવ છોડવા માંડે ! જેથી દુશ્મન થડ પર ચડવા જાય ત્યાં લપસી પડે ! પ્રકૃતિએ વનસ્પતિને ''સ્વબચાવ'' માટે આપેલો કેવો ગજબનાક નુસ્ખો !

૧૯૯૯ ની સાલ પહેલાં ખેતીપાક કપાસમાં લીલી અને અન્ય ઇયળોનો એવો ત્રાસ શરૂ થઈ ગયેલો કે એને કાબુમાં કેમ લેવો તે બાબતે કૃષિ વિજ્ઞાનીઓ બહુ ચિંતાતુર બની ગયા હતા. પણ મુંઝવણ ને સંશોધનની જન્મદાત્રી કહી છે ને ! વિચારતાં....વિચારતાં, શોધતાં....શોધતાં વિજ્ઞાનીઓની નજરે જમીન માહ્યલું એક એવું જીવડું નજરે ચડી ગયું કે જેના શરીરમાંથી છૂટતા રસના હિસાબે અન્ય જીવડાંઓ એનાથી દૂર રહેતાં હતાં. વિજ્ઞાનીઓએ જેનેટિક એન્જિનિયરીંગનો લીધો સાથ, અને ''સ્વરક્ષણ''ના સિદ્ધાંતને કેંદ્રમાં રાખી એ જીવડાંના રંગસૂત્રો ડી.એન.એ ને કપાસ બીજના રંગસૂત્રો સાથે એવી રીતે જોડી દીધા, કે એમાંથી તૈયાર થયેલ બીજમાંથી ઉગાડેલ કપાસના છોડમાં પણ એવો જ ઝેરી જીવનરસ તૈયાર કરવાનો ગુણ દાખલ થઈ ગયો ! અને ખેડૂતોને કપાસની ખેતીમાં માથાના દુઃખાવા સમાન લીલી, કાબરી, ગુલાબી અને લશ્કરી-ચારે પ્રકારની ઇયળોના ત્રાસમાંથી પાકને ઉગારી લે, તેવી નવી જાત બી.ટી કપાસ મળી ગયો !

જૈવશાસ્ત્રના અભ્યાસુઓએ એ વાત જાણી કે વનસ્પતિ પાસે અવાજ કરવાની તાકાત તો છે જ ! તમે જૂઓ ! કેનરી ટાપુઓ પર થતું લાગલા વૃક્ષ રાત્રિ દરમિયાન એવો અવાજ કરતું સંભળાય છે-જાણે દુઃખમાં ભેળાઇ ગયેલું કોઇ માણહ દર્દભર્યું રૂદન કરી રહ્યું હોય ! ત્યાંના આદિવાસીઓ પણ ઘણી વખત ભ્રમમાં પડી જાય છે કે ખરેખર, આ કોઇ માણસના જ રડવાનો અવાજ છે !



## ખેતી માર્ગદર્શન

હીરજી ભીંગરાડિયા

આપણે ભલે સમજી ન શકીએ, પણ સાંભળી શકીએ એવી અગડમ બગડમ વાતો વર્ષોથી આફ્રિકાના બાર્બાડોરની પહાડીઓમાં ઊગતાં ''વાતોડિયાં વૃક્ષો'' કરતા હોય છે. એના પાન અને શીંગનો ઘાટ એવા પ્રકારનો હોય છે કે અંદરથી જ્યારે પવન પસાર થાય, ત્યારે જેવી પવનની વધુ-ઓછી ગતિ, તેવો સંગીતની સુરાવલીમાં ફેરફાર થયા કરે ! ક્યારેક તો ટોળાબંધ લોકો વાતોએ વળગ્યાં હોય, એવો કોલાહલ થતો લાગે, તો ક્યારેક આપણે ડરી જઈએ એવા બિહામણા અવાજ નીકળતા હોય ! પણ એ શું કહે છે, એવું સ્પષ્ટ આપણે સમજી શકતા નથી.

પણ જેનેટિકલ વિજ્ઞાનના સહારે વિજ્ઞાનીઓએ આ ''અવાજ પાછળની સંવેદના વિષયક ઊંડા અભ્યાસ પછી એવું સાબિત કરી દેખાડ્યું છે કે, આપણે બગીચામાં ફરવા જઈએ, ત્યારે ગુલાબ સાથે વાતો કરવાનું મન થાય તો આપણે કરી શકશું. જાપાનના વિજ્ઞાનીઓના માર્ગદર્શન નીચે રમકડાં બનાવતી એક કંપનીએ, વનસ્પતિની સંવેદનાનો અભ્યાસ કરી, ફૂલની ભાષા ઉકેલનારૂં હાનાકોટોબા નામનું ફૂલો સાથે વાતો કરતું એક સાધન-કહોને રમકડું વિકસાવ્યું છે.એક નાનકડી ઢીંગલીવાળા આ સાધનને ફૂલનાં કુંડાંમાં મૂકી, તેને વાયર દ્વારા ફૂલછોડના થડ સાથે જોડી દીધા પછી, જ્યારે છોડનાં પાંદડાં કે ફૂલને અડકીએ ત્યારે છોડમાં ઉત્પન્ન થતી સંવેદનાઓ સુક્ષ્મ વિદ્યુત તરંગો દ્વારા આ ઢીંગલીમાં પ્રવેશીને ફૂલને જે કહેવાનું છે તે પોતે અંગ્રેજીમાં બોલવા લાગે છે. ઢીંગલી જરૂર હોય તો પાણી પણ માગે છે અને એવું લાગેતો ગુસ્સો પણ વ્યક્ત કરે છે. કહો, છે ને નવાઇ પમાડે એવી શોધ !

હા, વનસ્પતિની અદભૂત દુનિયામાં મલાયામાં જોવા મળતાં એવાંય ઝાડવાં છે, જેની બધી ડાળીઓ દક્ષિણધ્રૂવ તરફ નમેલી હોય, જાણે ઉલટું હોકાયંત્ર ! જાણે ભૂલા પડેલા મુસાફરને રસ્તો ચીંધી રહ્યા હોય !

પણ કોઇ વનસ્પતિ પાણીમાં પ્રસરી રહેલાં પ્રદુષણનું માપ કાઢી બતાવે એવું સાંભળ્યું છે કોઇએ ? તેમાં ક્યા ક્યા સારા-નરસાં તત્વો ભળેલાં છે, તેની તપાસ કરાવવી હોય તો લેબોરેટ્રીમાં તેનું પૃથ્થકરણ કરાવવું પડે ને ? પણ કોઇ વનસ્પતિ પોતે જ પાણીમાં કેટલું પ્રદુષણ છે, તે આપણને કહી સંભળાવે તો ? તો તો આપણને આશ્ચર્ય જ થાય ને ! તો સાંભળો ! પાણીમાં થતી લીલ આ કામ આપણને કરી આપે, એવી ટેક્નીક ઇઝરાયેલના વિજ્ઞાનીઓએ વિકસાવી છે. જેમાં છોડવો પોતે જ અવાજ કરી આપણી સાથે વાતો કરે છે.

# ભારતીય રૂ અને આઇસ કોટન વચ્ચે સામસામા રાહ

કોટન બજારમાં આઇસ કોટન અને સ્થાનિક બજાર વચ્ચે સામસામા રાહ છે. આઇસ કોટનમાં આસમાની તેજી પછી એક તીવ્ર કરેક્શન આવ્યું છે. વધ્યા ભાવથી ૧૧ સેન્ટ ઘટ્યા છે. જો કે સ્થાનિક રૂમાં ભાવો નહીવત ઘટ્યા છે. આઇસ કોટન વધીને ૧૫૫.૯૫ થઇ છેલ્લે ૧૪૬.૫૦-૬૦ સેન્ટ હતું. લોકલ રનીંગ રૂ રૂ.૯૦૦૦૦-૯૨૦૦૦ અને સ્ટોકના માલોમાં સારા માલમાં રૂ.૯૬૦૦૦-



**કોમોડિટી માર્કેટ**

બિરેન વકીલ
vakilbiren@gmail.com

૯૮૦૦૦ ગણાય. સાઉથમાં ઉપરમાં રૂ.૧૦૦૦૦૦ સુધીના વેપારો થયા હતા. શનિવારે બજારો થોડા સુસ્ત હતા. સરકારે રૂ પરની આયાત જકાત ઘટાડી છે પણ એનાથી રૂના ભાવ ઘટ્યા નથી. વિદેશમાં ભાવો વધી ગયા એટલે આ પગલાનો કોઇ લાભ થયો નથી.

સરકાર નિકાસ પર પ્રતિબંધ મુકશે એવી અફવાથી આઇસ વધી ગયું છે. હાલમાં આફ્રિકન જૂલી-બોલા કોટન પણ મોંઘા છે. ઓસી કોટન તો આઇસ કોટન કરતા પણ ઘણું મોંઘુ છે. ગયા સપ્તાહે આફ્રિકન કોટનમાં જૂલાઇ ડિલિવરીમાં રૂ.૯૬૦૦૦ આસપાસ થોડા કામ થયાનું સંભળાયું હતું. રૂપિયામાં ૭૭ની સપાટી વટાવાતા કરન્સી બજારોનો પ્રભાવ પણ કોટન બજાર પર વધશે એમ જાણકારો માને છે. એશિયન ઇમર્જિંગ કરન્સીમાં બેર માર્કેટ થઇ છે. કોરિયા વોન, ફિલિ પેસો, ચાઇના યુઆન, જાપાની યેન સમેત સંખ્યાબંધ એશિયાઇ કરન્સી મલ્ટિમંથ લો પર ચાલે છે.

તેલીબીયાં બજારમાં ચીન અને ઇન્ડોનેશિયાના બજારો એકાદ સપ્તાહની રજા પછી ખૂલ્યા છે. તેજી ઓસરતી દેખાય છે. શિકાગો તેલમાં નોંધપાત્ર ઘટાડો છે. ડિમાન્ડ ડિસ્ટ્રક્શન દેખાય છે. ડોલર ઇન્ડેક્સ પાંચ વરસની ઉંચી સપાટીએ પહોંચ્યો છે. ડોલેક્સ ૯૪થી વધીને ૧૦૪ થયો છે અને ૧૦૮-૧૧૦ થવાની શક્યતા છે. લોકલ બજારોમાં ઘરાકી બેહદ ઘટી ગઇ છે. ખરીદશક્તિમાં મોટો ઘટાડો થયો છે. સોયાબીન, રાયડામાં લોક્માનસ તેજીનું હોઇ સ્ટોક લેવલ નોંધપાત્ર ઉંચા છે. મારા મતે સાઉથ ઇસ્ટ એશિયામાં સ્પર્ધાત્મક અવમૂલ્યનો કરન્સીમાં કડાકા બોલાવે એવી મંદી તોળાય છે. આગળ પર ખાદ્યતેલોમાં મંદીના ઘણા બધા કારણો ભેગા થતા દેખાય છે. ચીનમાં કોરોના લોકડાઉનને પગલે વપરાશમાં ઘટાડો, ડોલરની તેજી, યુઆનની મંદી, ઇન્ડોનેશિયા પામતેલ પર નિકાસ પ્રતિબંધ પછી લોકલ પામતેલમાં માલભરાવાની શક્યતા, ભારતમાં સારા ચોમાસાનો આશાવાદ વગેરે જોતા તેલોમાં આગળ પર નોંધપાત્ર કરેક્શન ૧૫-૨૫ ટકા ઘટાડાની શક્યતા છે. દિવાળી પહેલા પામતેલ કદાચ ૫૦૦૦ રિંગિટ નીચે જતુ રહે એમ પણ બને. ભારતમાં તેલ-તેલીબીયાના વાયદા જ બંધ થઇ ગયા છે એટલે કોઇ રેફરેન્સ પોઇન્ટ જ નથી. તેલીબીયામાં એક માત્ર એરંડા વાયદો ચાલે છે. ઓપન ઇન્ટરેસ્ટ ૨૫૦૦૦ ટનથી વધીને ૬૦૦૦૦ ટન થયું છે. ૭૦૦૦-૭૩૦૦ની રેન્જમાં ઓળિયું બિલ્ટઅપ થયું છે. તેજીનો આશાવાદ વધી રહ્યો છે. હેજર માટે બદલા આકર્ષક છે. વાયદાની ચાલ એમ સૂચવે છે કે બજારમાં નંગની શોર્ટેજ નથી.



**એરંડામાં તેજીનો આશાવાદ: પામતેલ દિવાળી પહેલા ૫૦૦૦ રીંગીટની અંદર જવાની શક્યતા**

# તેલિબિયાં-ખાદ્યતેલોમાં તેજી અટકી ગઇ



**ઇન્ડોનેશિયાએ પામતેલની નિકાસ બંધ કરવાની જાહેરાત કરી એને ૧૦ દિવસ થયા પણ ભારતમાં સટોડિયાઓએ ધારેલી તેજી હજુ થઇ નથી એટલે લોકોને રાહત થઇ છે**

ખાદ્યતેલોમાં છેલ્લા એક વર્ષથી એકધારી તેજી જોવા મળી છે. જેનું એક મુખ્ય કારણ વૈશ્વિક માગની તુલનાએ પુરવઠાની ખેંચનું છે. આ ઉપરાંત તેલિબીયાનાં પાક લેતા દેશોમાં નિપજમાં ઘટાડો અને બાકી હોય તો રશિયા-યુક્રેન યુધ્ધના કારણે સનફ્લાવર તેલના સપ્લાયમાં ઉભી થયેલી ખેંચના કારણે ખાદ્યતેલોમાં આ એકધારી તેજી જોવા મળી હતી. જો કે કોઇપણ વસ્તુનાં ભાવ મધ્યમવર્ગીય ઉપભોક્તાઓની ખરિદશક્તિથી વધારે થાય ત્યારે આપોઆપ તેના વેચાણમાં ઘટાડો થતો હોય છે જેના કારણે ભાવ વધવાની ઝડપ ઘટી જતી હોય છે.કદાચ આજ લોજિક હાલમાં કામ કરી રહ્યું છે. દેશમાં સરસવ તથા સોયાબીન તેલનાં ભાવ હાલમાં ભલે બહુ ઘટ્યા નથી પણ તેની વધવાની ગતિને પણ બ્રેક લાગી છે. ઇન્ડોનેશિયાએ પામતેલની નિકાસ બંધ કરવાની જાહેરાત કરી એને ૧૦ દિવસ થયા પણ ભારતમાં સટોડિયાઓએ ધારેલી તેજી હજુ થઇ નથી.

સામાપક્ષે સ્થાનિક સ્તરે સોયાબીનના ભાવ વધવાની આશાએ સ્ટોક કરીને બેઠેલા ખેડૂતો અને સ્ટોકિસ્ટો હવે માલ ખાલી કરી રહ્યા છે. મધ્યપ્રદેશ તથા મહારાષ્ટ્રની મંડીઓમાં હાજર બજારોમાં ગત સપ્તાહે ભાવ ૭૪૦૦ રૂપિયાની સપાટીએ હતા છતાંયે બન્ને રાજ્યોમાં સરેરાશ ૫૦૦૦૦ બોરી સોયાબીનની આવકો જોવા મળી હતી.સઝિનની વાત કરીએ તો ઉંચા ભાવનાં કારણે આ વખતે ઓક્ટોબર-૨૧ થી એપ્રિલ-૨૨ નાં સમયગાળામાં ૩૭.૫૦ લાખ ટનથી વધારે માલની આવકો થઇ છે જે ગત સિઝનની સરખામણીએ ૯ ટકા જેટલી વધારે છે. માત્ર ગુજરાતમાં જ આ સિઝનમાં આવકોમાં ૨૧૦ ટકાનો વધારો જોવા મળ્યો છે. જ્યારે મધ્યપ્રદેશમાં ૧૯ ટકા અને મહારાષ્ટ્રમાં ૧૫ ટકાનો વધારો જોવા મળ્યો છે.જો કે રાજસ્થાનમાં આવકોમાં ૩૮ ટકાનો ઘટાડો જોવા મળ્યો છે.આજ રીતે કર્ણાટક તથા તેલંગણામાં આવકોમાં અનુક્રમે ૧૮ ટકા અને ૧૬ ટકાનો ઘટાડો જોવા મળ્યો છે.

બીજીતરફ રવિ સિઝનનાં તેલિબીયાં એટલે કે સરસવનાં પાક્માં વધારો થયો હોવાના અહેવાલો પહેલેથી જ આવેલા છે. માચ-૨૨ માં આવકો શરૂ થઇ ત્યારથી એપ્રિલ-૨૨ નાં અંત સુધીમાં ૨૧.૪૦ લાખ ટન સરસવની આવકો થઇ ચૂકી છે. જે ગત સિઝનની સરખામણીએ ૪૩ ટકાનો વધારો સુચવે છે. હાલમાં ભાવ ૭૦૦૦ થી ૭૩૦૦ રૂપિયાની સપાટીએ છે. ખાસ કરીને હરિયાણાની આવકોમાં ૧૯૫૫ ટકાનો ઉછાળો જોવા મળ્યો છે જ્યારે મધ્યપ્રદેશમાં ૧૧૯ ટકાનો અને ઉત્તરપ્રદેશમાં ૧૩૫ ટકાનો ઉછાળો જોવા મળ્યો છે. રાજસ્થાનમાં આવકો ૧૭ ટકા વધારે છે.યાદ રહે કે હરયાણામાં સરકારી એજન્સીઓ દર વખતે સરસવની ખરીદી કરી હોય છે પરંતુ આ વખતે સરસવનાં ભાવ જ ઉંચા હતા એટલે કોઇ સરકારી ભાવે માલ વેચવા આવ્યું જ નથી. સરકારે ટેકાનાં ભાવ ૫૦૫૦ રૂપિયા નક્કી કર્યા છે અને બજારભાવ ૭૦૦૦ રુયિયા ચાલે છે.

જો કે વૈશ્વિક બજારમાં કેનેડામાં ક્નોલાનું વાવેતર આ વખતે ૨૦૯ લાખ એકર સુધી સિમીત રહેવાની ધારણા છે. જે ગત સિઝન કરતા સાત ટકાનો અને છેલ્લા પાંચ વર્ષની સરેરાશ કરતા છ ટકાનો ઘટાડો સુચવે છે. અગાઉનાં સર્વેમાં જણાવાયું હતું કે વાવેતર ૨૨૧ લાખ એકરમાં વાવેતર થશે. હવે જ્યારે વાવેતર ઘટવાની વાત આવી છે ત્યારથી કેનેડામાં ક્નોલાનાં ભાવ ઉંચા રહેવાની ચર્ચા ચાલી રહી છે. જે આગળ જતાં ભારતના સરસવનાં બજાર ઉપર બોજ લાવી શકે છે.

ઇન્ડોનેશિયાએ ક્રૂડ પામતેલ અને રિફાઇન્ડ પામ તેલની નિકાસ ઉપર પ્રતિબંધ મુક્તા ભારતીય બજાર આસમાને જશે એવી ગણતરી હતી, પણ હજુ સુધી એવું ખાસ દેખાયું નથી. ઇન્ડોનેશિયાએ કારણ આપ્યું છે કે સ્થાનિક લોકોને માલનો પુરવઠો વ્યાજબી ભાવેમળી રહે તે માટે આ નિર્ણય લેવાયો છે. પરંતુ અહીં મોટો સવાલ એ પણ છે કે ઇન્ડોનેશિયાની ઇકોનોમી જ પામતેલની નિકાસ આધારિત છે એમાં લાંબાસમય માટે નિકાસ બંધ કરીને તેઓ ટકી શકશે નહી. આવા સંજોગોમાં આ નિકાસ પ્રતિબંધ કેટલું ખેંચે છે તે જોવું રહ્યું.